**પ્રાંતિજના એડી.ચીફ.જયુડી. મેજીસ્ટ્રેટ (શ્રી એસ.એમ.શુકલ ) સાહેબશ્રી ની કોર્ટમાં, મુ.પ્રાંતિજ.**

ફોજદારી કેસ નંબર:– ૬૨૯/૨૦૨૬
આંક :–૫

**<u>ફરીયાદી</u> : શ્રીસરકાર**

**<u>વિરુધ્ધ</u>**

**<u>આરોપી</u> : જગતસિંહ પ્રતાપસિંહ મકવાણા**
**રહે. જુના બાકરપુર તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા.**

**<u>ગુનો – જી. પી. એકટ – ૧૩૫ મુજબ</u>**

**<u>–:ઠરાવ :–</u>**

૧. સદર કામનુ રેકર્ડ આજરોજ હાથ પર લઈ વંચાણે લીધુ.

૨. હાલના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ જી. પી. એકટ – ૧૩૫ હેઠળનો ગુનો આચરેલ હોય તે અંગે ફરીયાદી દવારા ધોરણસરની ફરીયાદ દાખલ કરેલ અને ત્યાર બાદ આરોપી સામે પુરતો પુરાવો જણાતાં આરોપી સામે હાલનુ ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતાં અત્રેની અદાલત દવારા આરોપી સામે પ્રોસેસ કરવાનો હુકમ કરેલ અને આરોપીને યોગ્ય રીતે બજવણી થઈ જતાં આરોપી કોર્ટમાં હાજર થયેલ છે આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

૩. ઉપરોકત ગુના અંગે આરોપીએ તેનો ગુનો કબુલ કરી ગુના અંગે લેખિત કબુલાત પુરસીસ આપી જણાવે છે કે આ તેમનો પ્રથમ ગુનો છે. ગુના બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે કાયદાના અજ્ઞાનને લીધે તેમનાથી ગુનો થઈ ગયેલ છે તેથી ભવિષ્યમાં આવો ગુનો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી છોડી મુકવા અરજ કરેલ છે.

૪. આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુના કબુલાત પુરસીસ સ્વૈચ્છિક હોઈ તે નોંધી,પરંતુ આરોપીની કબુલાત તેમની વિરુધ્ધનો પુરાવો ગણાશે તેથી સ્પષ્ટ સમજ આરોપીને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરે છે તેવી કોર્ટે ખાત્રી કરેલ છે.

૫. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસોના ભારણને ધ્યાને લેતાં ટૂંક સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવ નથી આરોપીનો સમય તથા કોર્ટનો સમય તથા ફરીયાદપક્ષે સરકારી વકીલનો સમય તથા સરકારી સાહેદનો સમય જે આ ટ્રાયલ પાછળ થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે આરોપીને સજા અંગે ન્યાયીક નિર્ણય કરવામાં આવે તેના બદલે જો આરોપી હાલનો

ગુનો કબુલ કરે છે ત્યારે તેણે ગુના કબુલ સંદભે રજુ કરેલી હકીકતોને સાથે સરકાર તથા કોર્ટનો સમય બચે છે જે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે સ્વેરછાએ ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલ તમામ હકીકતો તથા પરિસ્થિતિઓને ઘ્યાને લઈ તેમજ ગુજરાત રાજય વિરુઘ્ધ નટવર હરચંદજી ઠાકોર ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતાં પણ ઓછી સજા કરી ઓછો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે.ઉપરોકત સંજોગોને ઘ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૫ અન્વયે જી. પી. એકટ - ૧૩૫ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂપિયા ૧૦૦/-(અંકે રૂપિયા સો પુરા)નો દંડ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન-૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કેસનો મુદ્દામાલ પાવતીમાં જણાવેલો મુદ્દામાલ અપીલ સમય બાદ નિયમ અનુસાર યોગ્ય નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧મી માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬
મુ.પ્રાંતિજ.

( સ્નેહલ મુદુલભાઇ શુકલ )
એડી.ચીફ.જયુડી. મેજીસ્ટ્રેટ ., પ્રાંતિજ.
(જજ કોડ નં.૦૧૩૮૩ )